# કાળઝાળ ગરમી વચ્ચે બાજરીના પાકની કાપણી શરૂ : મજુરોના ધાડા ઉતર્યા

## ગરમીની પરવા કર્યા વિના ખેડૂતો બાજરી લેવામાં વ્યસ્ત


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૩૦

કાળઝાળ ગરમી વચ્ચે બાજરીનો પાક કાપણી પર આવતાં ખેડૂતો આગઓકતી ગરમીની પરવા કર્યા વિના બાજરીનો પાક વાઢવામાં વ્યસ્ત બન્યા છે. ત્યારે ડીસા પંથક અને પાટણ જીલ્લાના સરસ્વતી તાલુકામાં બાજરીના પાકની કાપણીની સીઝનમાં સમી-હારીજ અને રાધનપુર -સાંતલપુર તાલુકાના મજુરો મોટી સંખ્યામાં ડીસા અને સરસ્વતી તાલુકામાં બાજરીની કાપણી અર્થે આવ્યા છે.

ડીસા તાલુકાના વિવિધ ગામો અને સરસ્વતી તાલુકાના ગામડાઓમાં ઉનાળુ બાજરીની કાપણીની સીઝન શરૂ થઈ ગઈ છે. એક તરફ સાંજ પડે એટલે વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદી માહોલ સર્જાય છે ત્યારે બીજી બાજુ બાજરીનો પાક કાપવાની તૈયારી પર આવ્યો છે એટલે ખેડૂતો કાળઝાળ ગરમીની પરવા કર્યા વિના બાજરીના પાકને લેવા માટે રાત-દિવસ એક કરી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે ડીસા ઉપરાંત થરાદ તાલુકામાં બાજરીનું મોટા પાયે વાવેતર થયુ છે. સરહદી વિસ્તારમાં નર્મદાના પાણીએ ચમત્કાર સજર્યો છે.

સુકી ભઠ્ઠ અને બંજર જમીનમાં બાજરીનો પાક લહેરાઈ રહ્યો છે જયારે ડીસા લાખણી, દિયોદર સહિત અન્ય વિસ્તારોમાં પણ બાજરીનું વાવેતર સારૂ થયુ છે. ડીસાની બાજરીની લોકલ બજાર ઉપરાંત કચ્છ, કાઠીયાવાડ અને દક્ષિણ ગુજરાતમાં નિકાસ થાય છે. બાજરીના ખેડૂતોને પોષણ ક્ષમ ભાવો મળે તો ખેડૂતો બેઠા થઈ શકે છે. મોટી સંખ્યામાં મજુરો ડીસા, સરસ્વતી, લાખણી, દિયોદર, કાંકરેજ પંથકમાં આવી જાય છે એટલે રાધનપુર, સાંતલપુર અને સમી તાલુકાના ગામો ખાલી થઈ જાય છે. ગામમાં માત્ર વૃધ્ધો, અશકતો અને અપંગો જોવા મળે છે. બાકીના તમામ લોકો બાજરી વાઢવા જતા રહે છે.

## મહેસાણા જિલ્લામાં ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રવેશ પર મનાઈ

મહેસાણા પોલીસ હેડકવાટર્સ ખાતેના ફાયરીંગ બટમાં મહેસાણા જિલ્લામાં હાલમાં તાલીમ લઈ રહેલ ૧૩૦ મહિલા લોકરક્ષક અને તમામ અધિકારીશ્રીઓનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ પોઈન્ટ ટુ પોઈન્ટનું ફાયરીંગ હોઈ આ વિસ્તારની ૧૫૦ મીટરની ત્રિજયામાં માણસો તેમજ પશુઓની અવરજવર પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.જે. પટેલે ફરમાવ્યો છે. તારીખ ૧-૬-૧૪ થી ૧૫-૬-૧૪ દરમિયાન ફાયરીંગ સમયમાં સાવચેતીના પગલાં રૂપે અવર જવર પર પ્રતિબંધ ફરમાવ્યો છે. હુકમનો ભંગ કરનાર-મદદગારી કરનાર શખ્સ સામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે.

# યુજીવીસીએલમાં વધતા અકસ્માતો સામે વિદ્યુત કામદાર સંઘની આંદોલનની ચિમકી

ઊંઝા, તા. ૩૦

ઉત્તર ગુજરાત વીજ કપની લી.માં ફરજ બજાવતા કામદારોના અતિશય કાર્યબોજ અને દિશા વિહીન કરાવવામાં આવતી ટેકનિકલ સ્ટાફ પાસેની કામગીરીના લીધે અસંખ્ય વીજ અકસ્માતો થતા હોવાથી કામદારોને ભયમુક્ત કરવા અને શોષણ અટકાવવા બાબતે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા આગામી તા. ૧૦મી જૂનના રોજ આંદોલન રેલી ધરણાંનો કાર્યક્રમ યોજવા અંગે ઉ.ગુ. વીજ કંપની લી.ના મેનેજીંગ ડીરેકટરને નોટીસ પાઠવવામાં આવી છે.

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સેક્રેટરી જનરલ બળદેવભાઈ પટેલે ઉ.ગુ. વીજ કંપની લી.ના મેનેજીંગ ડીરેકટરને પાઠવેલ નોટીસમાં જણાવ્યું છે કે, યુ.જી.વી.સી. સેલ કંપનીમાં સંઘના ટેકનિકલ અને નોન ટેકનિકલ કામદાર સભ્યો, શિસ્ત સંયમ દાખવીને ફરજ બજાવી રહ્યા છે. ફિલ્ડના અધિકારીઓ તથા એચ.આર. વિભાગના મીડલ મેનેજમેન્ટ કર્મચારીઓના પ્રશ્નો પ્રત્યે નકારાત્મક વલણ અપનાવીને સંઘનું વારંવાર અપમાન કરી રહ્યું છે. અનેક વિનંતીઓ કરવા છતાં સત્તાનો દુરૂપયોગ કરીને કામદારોને માનસિક ત્રાસ આપીને અત્યારે દરરોજ વીજ અકસ્માતોના ભોગ સંઘના સભ્યો બની રહ્યા છે.

કંપનીમાં અતિ હલકા પ્રકારનું મટીરીયલ, સિમેન્ટના નવા પોલ પણ હલકા આવવાથી અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. અસંખ્ય ગ્રાહકોના કાર્યબોજ અનેક નવા સબ સ્ટેશનો, ૧૧ કે.વી. ફિડરો, એચ.ટી. અને એલ.ટી. લાઈનોનો વધારો અને ટેકનિકલ, મીડર રીડીંગ કરનાર જુ. આસીસ્ટંટનો સ્ટાફ ૧૯૮૦માં મંજુર થયેલ છે. ફિલ્ડમાં અધિકારીઓ પાસે સત્તા હોવા છતાં કોઈ જવાબદારી લેવામાં આવતી નથી. ચોથા વર્ગના કામદારોને વાહનની વ્યવસ્થા વગર નોકરીની ધમકીઓ આપીને શોષણ કરવાથી કામદારો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

આથી આગામી તા. ૫મી જૂન સુધીમાં આ નોટીસથી આપેલા તમામ પ્રશ્નોની અધિક્ષક ઈજનેરની હાજરીમાં હકારાત્મક ચર્ચા નહી કરાય તો આગામી તા. ૬ થી ૯ જૂન ૨૦૧૪ સુધી વર્ક ટુ રૂલ્સ, ઓફિસ સામે સૂત્રોચ્ચાર અને તા. ૧૦મી જૂનના રોજ સંઘના ૪૫૦૦ સભ્યો સામૂહિક રજા પર જઈને કોર્પોરેટ ઓફિસ સામે રેલી અને ધરણાં કાર્યક્રમો યોજવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

# તલોદની મામલતદાર કચેરીના કથળેલ વહીવટે બીપીએલ કાર્ડ ધારકોને સહાયથી વંચિત રાખ્યા


## છેલ્લા એક વર્ષની સહાય અરજીઓ ગુમ : મોટા ભ્રષ્ટાચાર કૌભાંડની ભીતિ : લાભાર્થીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી

તલોદ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના તલોદની મામલતદાર કચેરીની વહીવટી શાખાના કથળતા વહીવટથી સહાય લાભાર્થીઓની અરજીમંજુર કરવામાં તંત્ર દ્વારા ગલ્લાં તલ્લાં કરાઈ રહ્યા છે. બીપીએલ કાર્ડ ધારકોની સહાય મેળવવા રોજબરોજ ધક્કા ખવડાવાતા સહાય લાભાર્થીઓમાં રોષ વ્યાપ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા અપાતી સીધી સહાય મેળવવા બેંકે એકાઉન્ટ તથા પોસ્ટ એકાઉન્ટ દ્વારા અનેક પ્રયાસો સરકાર કરી રહી છે. પરંતુ વહીવટી શાખાના કથળતા વહીવટથી છલ્લા એક વર્ષની પેન્ડીંગ અરજીઓ કચેરીમાંથી ગુમ થઈ જતા સહાય ધારકોમાં રોષ ફેલાવા પામ્યો છે.

તલોદની મામલતદાર કચેરીમાં તાલુકાના ૧૦૫ જેટલા ગામડાઓ તથા સ્થાનિક નગરપાલિકાના ગરીબ બીપીએલ કાર્ડ ધારકો છેલ્લા એક વર્ષથી વિધવા સહાય, સંકટ મોચન યોજના, વયવંદન સહાય જેવી અનેક મળવા પાત્ર સહાયો મેળવા તમામ પરિપત્રો સાથે હોવા છતાં વારંવાર ધરમધક્કા ખાઈ રહ્યા છે. આ બીપીએલ કાર્ડ ધારકોએ તેમની અરજીઓ તપાસતા છેલ્લા એક વર્ષની અરજીઓ ગુમ થઈ ગઈ હોવાનું માલુમ પડતા સહાય ધારકોમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે.

આ મામલે તલોદના મામલતદાર મીણા સાહેબનો સંપર્ક કરાતા તેમણે સહાય ધારકોને છેલ્લા એક વર્ષની સહાયથી વંચિત રહેવાની બાબતને વહીવટી શાખાની ખામી ગણાવી હતી. આ બાબતે સહાય લાભાર્થીઓને યોગ્ય નિકાલ લાવવા તેમને અનુરોધ કરાયો હતો. પરંતુ વહીવટી શાખા દ્વારા કરાતાં ગલ્લાં તલ્લાંથી ગરીબ સહાય ધારકો માટે મામલતદાર કચેરીનો વહીવટ માથાનો દુઃખાવો બનેલ છે તેમજ આ શાખામાં મસ મોટા ભ્રષ્ટાચારની શંકા વ્યકત કરાઈ રહી છે. મોટા ભાગના સહાય લાભાર્થીઓ એ જો સત્વરે આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી રહ્યા છે.



### યે શૌખ કી બાત હૈ, મૌજ કી બાત હૈ

મુછે હો તો 'નરસિંહદાસ' જૈસી હો. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ પલ્લાચરના નિવૃત્ત કર્મચારી નરસિંહભાઈ હરિભાઈ સોલંકીને મુછો લાંબી કરવાનો શોખ જાગ્યો છે અને તેઓ તેમના આ શોખ થકી ગીનીસબુકમાં નામ નોંધાવવાની ઈચ્છા રાખે છે. આ માટે તેમણે તેમની મુછો ૨ ફૂટ જેટલી વધારવાની નેમ રાખી છે. અને તેથી મોંઘા તેલનો ઉપયોગ તેઓ મુછોની સારસંભાળ માટે કરી રહ્યા છે. આ કાર્યમાં તેમના પત્નિ પણ તેમનો સહકાર આપી રહ્યા છે. અત્યારે તો સોલંકી સાહેબ જ્યારે બાઈક લઈને બજારમાં નિકળે તો લોકો તેમની મુછો સામે જોઈને મલકાય છે અને કાંઈ પુછે તો જવાબ મળે છે 'મુંછે હો તો નરસિંહદાસ જૈસી, યે એક કમાલ ઔર શૌખ કી બાત હૈ, મૌજ કી બાત હૈ.' (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# પ્રાંતિજમાં તસ્કર રાજ : ઓશિકા નીચેથી ચાવી કાઢીને ૫૮૫૦૦ની મત્તાની ચોરી

## રોજે રોજ ચોરીની ઘટનાઓ બનતા નાગરિકો ફફડાટમાં : બંદોબસ્ત અને ઓછા મહેકમનું ગાણું ગાતી પોલીસનો રૂટિન જવાબ 'તપાસ ચાલુ છે'

પ્રાંતિજ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આવેલ પોલીસ ચોકી નજીક આવેલ કોઠારીની ખડકીમાં રહેતા મુકેશભાઈ

વારંવાર ચોરીના બનાવો બનતા નગરના લોકો માટે ચિંતાનો વિષય બન્યો


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

તસ્કરોને જાણે ચોરી કરવાનું લાયસન્સ મળી ગયું હોય તેવી પરિસ્થિતિ જણાય છે. છેલ્લા ૧૫ દિવસથી તસ્કરોએ આંટા ફેરા ચાલુ કરી અલગ અલગ વિસ્તારમાં ચોરીઓ કરીને પોલીસને જાણે ચેલેન્જ કરતા હોય તેમ આસાનીથી હાથફેરો કરીને જતા રહે છે. તાજેતરમાં જ કોઠારીની ખડકીમાં એક ઘરમાંથી ચોરો ઓશિકા તળે દબાવેલી ચાવીથી તિજોરી ખોલી રોકડ અને દાગીના સહિતની રૂપિયા ૫૮,૫૦૦ની મત્તાની ચોરી કરી ગયા હતા.

પ્રાંતિજના બજાર વિસ્તારમાં ડાહ્યાભાઈ મોદી તા. ૨૯મીમે એ રાત્રે ગરમીની સીઝનમાં મીઠી નિંદર માણી રહ્યા હતા ત્યારે તસ્કરોએ તેમના ઓશિકા તળે રાખેલી ચાવીઓ લઈ તિજોરી ખોલી રોકડ રકમ તેમજ દાગીનાની ચોરી કરી આસાનીથી રફુચક્કર થઈ ગયા હતા. ચોરી દરમિયાન ચોરોએ ઘરની ઘર વખરી પણ વેર વિખેર કરી દીધી હતી. ચોરોએ રૂપિયા ૫૦૦૦ રોકડા અને રૂપિયા ૫૩,૫૦૦ના દાગીના સહિત કુલ ૫૮,૫૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

વારંવાર ચોરીના બનાવો બનતા નગરના લોકો માટે ચિંતાનો વિષય બન્યો છે અને પોલીસ માટે પણ શરમજનક પરિસ્થિતિ ઉભી થઈ છે. નગરના આગેવાન દિલીપભાઈ કોઠારી સહિત વેપારી મંડળના આગેવાનોએ પોલીસને રજૂઆત કરી હતી. હંમેશા સરકારના બંદોબસ્તમાં રહેતી પોલીસ 'બંદોબસ્ત' કે ઓછા મહેકમનું કારણ આગળ ધરી તપાસ ચાલુ છે નું ગાણું ગાય છે ત્યારે તસ્કર રાજમાંથી પ્રાંતિજને બચાવવા ખાસ આયોજન કરાય તે જરુરી બન્યું છે. અત્યારે તો આ ચોરીની પોલીસ ચોપડે નોંધ પડતા પોલીસે તસ્કરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### અવસાન નોંધ

ધનસુરા, તા. ૩૦

ધનસુરા કરિયાણા-કટલરીના અગ્રણી વ્યાપારી ગોપાલભાઈ ઠેકડીના પિતાશ્રી કાન્તિલાલ સોમાલાલ ઠેકડી (અણીયોરવાળા)નું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં વિશાળ સમુદાય જોડાયો હતો. સ્વર્ગસ્થનું બેસણું તા. ૧-૬-૨૦૧૪ને રવિવારના રોજ જે.એસ. મહેતા હાઈસ્કૂલના સાંસ્કૃતિક હોલમાં બપોરે ૧૧ થી ૪ રાખેલ છે.

# પાલનપુરના કોઝી ટાવર પાછળની હાર્ડવેરની દુકાન અને સો-મીલમાં લાગી આગ


## શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાનું અનુમાન : પાલિકાના ૩ ફાયર ફાઈટરોએ મેળવ્યો આગ પર કાબુ, આગને કારણે અંદાજે વીસેક લાખનું નુકસાન

પાલનપુર, તા.૩૦

પાલનપુર શહેરના કોઝી ટાવર પાછળ આવેલી એક હાર્ડવેરની દુકાન અને સો-મીલમાં વહેલી સવારે પાંચેક વાગ્યાના સુમારે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આગને પગલે લોકોના ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડયા હતા. અંતે પાલિકાના ફાયર ફાઈટરોએ બે કલાકની જહેમતને અંતે આગને કાબુમાં લીધી હતી. શોર્ટ સર્કીટને પગલે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન વ્યકત થઈ રહ્યું છે.

પાલનપુર શહેરના કોઝી ટાવર પાછળ ઢુંઢીયાવાડી રોડ પર ક્રિષ્ના હાર્ડવેરની દુકાન આવેલી છે. જેની પાછળ પ્રભાત સો-મીલ આવેલી છે. આ હાર્ડવેરની દુકાનમાં આજે સવારે પાંચેક વાગ્યાના સુમારે અચાનક આગ લાગતા ભારે દોડધામ મચી જવા પામી હતી. હાર્ડવેરની દુકાનને લાગેલી ભીષણ આગે સોમીલને પણ લપેટમાં લેતા અફરાતફરી મચી ગઈ હતી. દરમિયાન ઘટનાસ્થળે દોડી આવેલા પાલનપુર નગરપાલિકાના ત્રણેક ફાયર ફાઈટરોએ બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

જો કે પાલિકાના ફાયર ફાઈટરો આગ પર કાબુ મેળવે તે પહેલા હાર્ડવેરની દુકાન અને સોમીલ આગમાં સ્વાહા થઈ ગઈ હતી. જેને પગલે બંને વેપારીઓને અંદાજે રૂ. વીસેક લાખનું નુકસાન થયું હોવાનું મનાઈ રહ્યું છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આવેલ સ્વામિનારાયણ મંદિરે નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ૧૨૭મો પાટોત્સવ તા. ૩૦મી મે જેઠ વદ બીજના દિવસે યોજાયો હતો. આ પાટોત્સવમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ. મોટા મહારાજ તરીકે પ્રખ્યાત આચાર્ય તેજેન્દ્રપ્રસાદજી ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન શ્રીજી મહારાજના પાવન પગલાંથી પાવન થયેલ પ્રાંતિજની ધરા પર પૌરાણિક સ્વામિનારાયમ મંદિરે મહંત માધવદાસજીની પ્રેરણાથી અહીં બિરાજમાન ધમ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજ, ઘનશ્યામ મહારાજ તથા રાધા-કૃષ્ણ દેવોનો ૧૨૭મો પાટોત્સવ ભક્ત રસિકલાલ દરજી પરિવાર દ્વારા મોટા મહારાજ તેન્દ્રપ્રસાદજીના વરદ હસ્તે વેદોક્ત વિધિ પ્રમાણે યોજાયો હતો. આ પાટોત્સવમાં અભિષેક, સત્સંગ, સભા, આશિર્વચન, અન્નકૂટ દર્શન, આરતી-મહાપ્રસાદ વગેરે કાર્યક્રમો યોજાયા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન